
ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૭.૮ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૯૮ ટકા

# ગાંધીનગરમાં ઘેર ઘેર નંદ ભયો







## શહેરમાં વર્ચ્યુઅલ જન્માષ્ટમી ઉજવાઈ






ગાંધીનગર, તા.૧૩

કોરોના કાળમાં તહેવારોની ઉજવણીનો રંગ શહેરમાં પહેલા જેટલો જામ્યો નથી. પરંતુ વર્ચ્યુઅલ તહેવારની ઉજવણીનો ક્રેઝ એક રીતે કોરોનાને કારણે વધ્યો છે. નગરજનોએ પણ જન્માષ્ટમીની ઉજવણી પોત પોતાના ઘરે તથા વર્ચ્યુઅલી વિડીયો કોલ મારફતે અથવા તો ઝૂમ મીટીંગ ઉપરાંત યૂ ટયૂબ સાથે ફેસબુક લાઈવ દ્વારા કરી હતી. નગરના ભૂલકાંઓને તેમના માતા-પિતાએ સરસ તૈયાર કરીને કાનૂડો બનાવીનો જન્માષ્ટમીના તહેવારની ઉજવણી કરાવી હતી ઉપરાંત નગરની અમુક સંસ્થાઓ દ્વારા યૂ-ટયૂબના માધ્યમથી જન્માષ્ટમીની ઉજવણી કરતો વિડીયો અપલોડ કરી દરેકને પોત પોતાના ઘરે જ જન્માષ્ટમીના ઉજવણીની અનુભૂતિ કરાવડાવી હતી. ઉપરાંત આ વર્ષે નગરમાં મેળા પણ યોજાયા ન હતા. જેને કારણે નગર સૂનું સૂનું લાગતું હતું. નગરમાં જન્માષ્ટમીના મેળાનો કાંઈક અલગ જ માહોલ જોવા મળતો પરંતુ કોરોનાને કારણે કોઈ ઘરની બહાર જ નીકળ્યું ન હતું. નગરનોએ પોતપોતાના ઘરે જ પંજરી અને પ્રસાદ બનાવીને નંદ ઘેર આનંદ ભયોથી રાત્રે ૧૨ વાગ્યે કૃષ્ણ ભગવાનની પૂજા અને આરતી કરી હતી.

નગરના લાયોનેસ કલબ તથા પૂજન ડાન્સ એકેડેમીએ સાથે મળીનો ઓનલાઈન જન્માષ્ટમી પર્વની ઉજવણી કરી હતી. આ કાર્યક્રમમાં લાયોનેસ બહેનો તથા ડાન્સ એકેડેમીના કલાકારોએ ભાગ લીધો હતો. કલાકારો દ્વારા ગણેશવંદના, પ્રાર્થના એક મીરા એક રાધા, મૈયા યશોદા જેવા ભકિતસભર ગીતો સાથે પ્રસ્તુતિ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં મુખ્ય અતિથી તરીકે મેયર રીટાબેન પટેલ હાજર રહ્યા હતા. ઉપરાંત લાયોનેસ પ્રેસિડન્ટ મીત્તલ રાણા, સેક્રેટરી સ્વાતિ ગોર સાથે પ્રોગ્રામ કોઓર્ડીનેટર પ્રજ્ઞાબેન ગજજરનો ખાસ ફાળો રહ્યો હતો. આ ઉપરાંત સંસ્કાર ગૃપના બાળકો દ્વારા પણ પોત પોતાના ઘરે છોકરાઓ ક્રિશ્નના અને દીકરીઓ રાધા બનીને કૃષ્ણ ભગવાનની ભકિત કરી ઉજવણી કરવામાં આવી હતી. આ સાથે સંસ્કૃતિ મહિલા પરિવારની બહેનો દ્વારા પણ ઓનલાઈન પાઠ કરી જન્માષ્ટમીની ઉજવણી કરાઈ હતી. નગરના તમામ ભકતોએ ભગવાન ક્રિષ્નાને ટીવી પર જ નિહાળ્યા હતા અમુક મોટા મંદિરોમાં થતા ઉત્સવો અને યાદગીરીને તાજી કરી હતી. જન્માષ્ટમીએ ફરાલ અને ગળ્યું ખવાનો રીવાજ સાથે ઉપવાસ કરાતો પરંતુ આ વર્ષે ઘણા નગરજનોએ કોરોનાને કારણે મંદિર ન જવા સાથે ઉપવાસ પણ નહતો કર્યો. ટૂંકમાં દર વર્ષની જેમ કરાતી ઉજવણીનો ઉત્સાહ આ વર્ષે નગરજનોમાં જોવા મળ્યો ન હતો.

## તમને હેતે ઝુલાવું હિંડોળામાં મારા વ્હાલાં...!!

ભગવાન શ્રીકૃષ્ણ એક એવા દેવ છે જે વિવિધ સ્વરૂપે પૂજાય છે તેમજ અબાલવૃધ્ધ સૌ કોઈને પ્યારા છે અને દરેક શ્રધ્ધાળુ પોતાને પસંદ આવે તે સ્વરૂપે પૂજે છે. જેમ કે કોઈ રાધા-કૃષ્ણને પૂજે છે તો કોઈ યોગેશ્વરનો, કોઈ રણછોડરાયજી સ્વરૂપે પૂજે છે તો કોઈ બાળ કાનુડાને લાડ લડાવે છે. શ્રીકૃષ્ણ એ વૃંદાવનમાં જે લીલાઓ કરી હતી તે પૈકી એક હિંડોળાત્સવ તરીકે ઉજવાય છે. જે બાળકોમાં પણ ખૂબ પ્રિય છે. કોરોના મહામારીના કારણે આ વર્ષે બાળકો હિંડોળાત્સવના દર્શન કરવા મંદિરમાં તો જઈ શકયા નથી પરંતુ તેમાંથી કેટલાંક શ્રધ્ધાળુ બાળકોએ પોતાના ઘરે જ હિંડોળા સજાવી કાનુડાનો ઝુલાવ્યો હતો. ગાંધીનગર મહાનગરમાં સમાવિષ્ટ વાવોલ વિસ્તારની શાલીન-૪ એપાર્ટમેન્ટમાં રહેતી વૈષ્ણવ પરિવારની દિકરી પૂર્વા શાહે શ્રાવણ માસમાં પ્યારા કાનુડાને દરરોજ વિવિધ થીમ આધારિત હિંડોળા શણગારી હિંચકે ઝુલાવ્યો હતો. તેણે ફળોના, કઠોળના, ચોકલેટના, સુકા મેવાના, ફુગ્ગાના, ફુલોના, ચલણી સિક્કાના વગેરે જેવા હિંડોળા વારાફરથી શણગાર્યા હતા. કઠોળના હિંડોળામાં તો તેણે વિવિધ રંગના કઠોળથી ભારતનો નકશો બનાવી પોતાનો રાષ્ટ્રપ્રેમ પણ વ્યકત કર્યો હતો.

## હેપ્પી ટુ હેલ્પ ફાઉન્ડેનના સ્વયંસેવકોએ મટકી ફોડ યોજી સ્પેશિયલ ચિલ્ડ્રન્સને હેપ્પી કર્યા



ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરમાં આ વર્ષે કોરોના વાયરસના સંક્રમણના ભયે સરકાર દ્વારા જન્માષ્ટમીની જાહેર ઉજવણી પર રોક લગાડી દેવામાં આવી હતી. જેથી આ વર્ષની ઉજવણી ફિક્કી પડી હતી. જો કે શહેરના સેકટર-૧૯ ખાતે સ્પેશિયલ ચિલ્ડ્રન્સ હોમના બાળકોને એક દિવસ અગાઉ જ ‘હેપ્પી ટુ હેલ્પ ફાઉન્ડેશન’ના સ્વયંસેવકોને કારણે મટકી ફોડનો કાર્યક્રમ માણવા મળ્યો હતો.

હેપ્પી ટુ હેલ્પ ફાઉન્ડેશનના સ્વયંસેવકો દ્વારા સ્પેશિયલ ચિલ્ડ્રન્સ હોમ ખાતે જઈને દર વર્ષની જેમ બાળકોને મટકી ફોડના કાર્યક્રમનો આનંદ પુરો પાડયો હતો. મટકી ફોડ કરતા પહેલા બાળકોને સોશ્યલ ડિસ્ટન્સિંગ જળવાય તે રીતે સંગીત સાથે નૃત્ય અને રમતોનો આનંદ પણ કરાવાયો હતો. કાર્યક્રમ પહેલા સેનેટાઈઝરનો ઉપયોગ કરી સાવચેતીના પગલાં પણ લેવામાં આવ્યા હતા. આ સાથે સ્વયંસેવકોએ સ્પેશિયલ ચિલ્ડ્રન્સ હોમનું સંચાલન કરતી સંસ્થા જે.ડી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશન દ્વારા સંસ્થાની કરવામાં આવેલ કાયા પલટ તથા સુવિધાઓનું નિરીક્ષણ કરી પ્રસંશા કરી હતી.

## આવતીકાલે મહારકતદાન શિબિર

ગાંધીનગર, તા.૧૩

ધર્મજાગરણ સમન્વય (આર.એસ.એસ.) ગાંધીનગર વિભાગ અને શ્રધ્ધાદીપ બ્લડબેન્કના સંયુકત ઉપક્રમે ૧૪-૮-૨૦૨૦ને શુક્રવારે સવારે ૯.૦૦ કલાકેથી સ્વામી વિવેકાનંદ સ્કૂલ સેકટર-૨૪ ખાતે મહારકતદાન શિબિર યોજાશે. અખંડ ભારત સ્મૃતિ દિન નિમિત્તે યોજેલ મહારકતદાનમાં જોડાવા જાહેર અપીલ કરાઈ છે.

## કોરોના સામે કાળજી લેવાનાં સંકલ્પ સાથે સ્વતંત્રતા પર્વ નિમિત્તે ધ્વજવંદન યોજાશે

કોરોના વૈશ્વિક મહામારીને કારણે અત્યારે સૌ સંકટમાં છે ત્યારે એની સામે કાળજીપૂર્વક વર્તન કરી સાવધાની રાખવી એ જ શ્રેષ્ઠ ઉપાય છે એવાં સંકલ્પ સાથે ભારતનાં ૭૪ મા સ્વતંત્રતા દિવસની ઉજવણી સંજય થોરાતના સેકટર-૮ના ઘર આંગણે પ્રતિ વર્ષની જેમ કરવામાં આવશે. આ વખતે ધ્વજવંદન આઈએએસ અધિકારી પૂર્વ કલેકટર અને હાલ સરદારધામના સીઈઓ શ્રી એચ. એસ. પટેલના હસ્તે કરવામાં આવશે. માસ્ક, સેનેટાઈઝર અને સોશ્યલ ડિસ્ટન્સ સાથે આમંત્રિત મર્યાદિત દેશપ્રેમી સભ્યો વચ્ચે ધ્વજવંદન કરવામાં આવશે.




વર્ષ દરમિયાન ચાલેલા વિકાસ કાર્યો દરમિયાન કરવામાં આવેલા માટી પુરાણમાં ચોમાસામાં વરસાદી પાણી ઉતરતાં ભૂવા પડવા લાગે છે. આથી શહેરમાં ઠેર ઠેર ખાડા અને ભૂવાં જોવા મળી રહ્યા છે જેમાં વરસાદ અટકતાં જ મહાનગરપાલિકા તંત્ર દ્વારા માટી પુરવામાં આવી રહી છે ત્યારે નાગરિકોને સવાલ થઈ રહ્યો છે કે જયારે કાર્ય પતે ત્યારે કરવામાં આવતા માટી પુરાણ વખતે જ પાણીનું સિંચન કરી યોગ્ય રીતે પુરાણ કરવામાં આવતું હોય તો ચોમાસામાં આ જોખમી પરિસ્થિતિ ઉભી જ ના થાય ને?

## જન્માષ્ટમીના શુભ દિને ‘ગાંધીનગર ચમકાવું છે’ ગૃપનું વૃક્ષારોપણ





ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર એક પ્રકૃતિપ્રેમી નગરી છે અને અહી વસતા નાગરિકોમાં વૃક્ષો પ્રત્યે ખૂબ લગાવ જોવા મળે છે. જો કે આ શહેરમાં પણ વિકાસ કાર્યોને કારણે પહેલા હતા તેના કરતાં વૃક્ષોની સંખ્યા ઘટી જવા પામી છે જેને ભરપાઈ કરવા શહેરના પ્રકૃતિપ્રેમી નાગરિકો અને સ્વૈચ્છીક સંસ્થાઓ સતત પ્રયાસ કરતાં રહે છે. આજે વહેલી સવારે જ પરમ પ્રકૃતિ સ્વરૂપ જગતગુરુ શ્રીકૃષ્ણ જન્મોત્સવના પાવન પર્વે ‘ગાંધીનગર ચમકાવું છે’ ગૃપના સભ્યો દ્વારા સેકટર-૨૮ ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે આ ગૃપના સભ્યો દ્વારા અવારનવાર વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવતું રહે છે અને તે સાથે વાવેલ વૃક્ષોની સંભાળ-દરકાર લેવાનું પણ આયોજન કરવામાં આવે છે. શ્રીકૃષ્ણ જન્મોત્સવના શુભ દિને આયોજિત વૃક્ષારોપણ કાર્યક્રમમાં ‘ગાંધીનગર ચમકાવું છે’ના સભ્યો મોટી સંખ્યામાં બાળકો અને વડીલો તેમજ મહિલા સભ્યો સહિત જોડાયા હતા.

## ચિરવિદાય

**તા. ૧૨-૮-૨૦૨૦**

- સ્વ. શુકલા જશોદાબેન પ્રહલાદજી, ઉ.વ. ૭૮, સેકટર-૨૬, ગાંધીનગર
- સ્વ. દુગેશજી પ્રહલાદજી ઠાકોર, ઉ.વ. ૨૨, સેકટર-૧૩, છાપરાં
- સ્વ. કિશોર ભગવાનદાસ આહિર, ઉ.વ. ૪૯, સેકટર-૧૩, ગાંધીનગર
- સ્વ. ચંદ્રકાન્ત રતિલાલ દરજી, ઉ.વ. ૬૨, સેકટર-૭, ગાંધીનગર
- સ્વ. વિનોદભાઈ હિરાભાઈ દંતાણી, ઉ.વ. ૩૦, ચરેડી છાપરાં, ગાંધીનગર

**તા. ૧૩-૮-૨૦૨૦**

- સ્વ. પ્રજાપતિ અમૃતલાલ મોતીજી, ઉ.વ. ૭૨, મુ. દહેગામ, જી. ગાંધીનગર
- સ્વ. લલીતાબેન રમેશચંદ્ર શ્રીમાળી, ઉ.વ. ૬૨, સેકટર-૪, ગાંધીનગર
- સ્વ. મયુરભાઈ નિરંજભાઈ રાવલ, ઉ.વ. ૪૨, મહુન્દ્રા, તા. ગાંધીનગર
- સ્વ. ભઈજીભાઈ રૂડાભાઈ દંતાણી, ઉ.વ. ૫૮, મુ. પાલૈયા, તા. દહેગામ
- સ્વ. મકવાણા દાનાભાઈ મફાભાઈ, ઉ.વ. ૫૨, સેકટર-૧૨, ગાંધીનગર
- સ્વ. નટવરલાલ નાગરભાઈ પટેલ, ઉ.વ. ૭૯, મુ. પોર, તા.જી. ગાંધીનગર

## ઈમર્જન્સી ૧૦૮ સેવાની ઉત્કૃષ્ટ કામગીરી બજાવનાર કર્મચારીઓને સન્માનિત કરાયા






ગાંધીનગર, તા.૧૩

દિન પ્રતિદિન ઈમરજન્સી કેસોમાં વધારો થયો છે ત્યારે કોરોના મહામારીમાં પણ દિવસ રાત ૧૦૮ ઈમરજન્સીના કર્મચારી ખડે પગે સેવા આપી રહ્યા છે. આ સાથે ૧૦૮ જી.વી કે. ઈ.એમ.આર.આઈ ના કર્મચારીઓનો ઉત્સાહ વધારવા માટે અવારનવાર પ્રોત્સાહન પૂરું પાડવામાં આવી રહ્યું છે. ગાંધીનગરના સેકટર-૨૦ના એ.એસ.આઈ. રાજેશ કદમ, તમામ પોલીસ સ્ટાફ, રખિયાલ ખાતેના સી.એચ.સીના ડૉ. જયેશભાઈ તથા ૧૦૮ ઈમરજન્સીના મેનેજમેન્ટ એકઝિક્યુટિવ અક્ષય પંચાલના પાઈલોટ રાજુભાઈ રબારી, ઈ.એમ.ટી. ચેતન રબારી અને રખિયાલ સી.એચ.સી પાઈલોટ સુરેશ સાધુને એવોર્ડ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કર્મચારીઓને ઓછા સમયમાં ઝડપથી દર્દી સુધી પહોંચી ક્રીટીકલ કેસ હેન્ડલ કરવાની પ્રસંશનીય સેવા આપવા બદલ સન્માનિત કરવામાં આવ્યાં છે.

## સ્વાતંત્ર્ય પર્વને અનુલક્ષીને ગાંધીનગરમાં રવિવારે સવારે ‘હેપ્પી રકતદાન શિબિર‘નું આયોજન

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરની સેવાભાવી યુવાનોની સંસ્થા ‘હેપ્પી યુથ કલબ’ અને ‘લાયન્સ કલબ ઓફ ગાંધીનગર-ફેમિના’ના સંયુક્ત ઉપક્રમે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સહયોગથી સ્વાતંત્ર્ય પર્વને અનુલક્ષીને ભારતના સ્વતંત્રતા સેનાનીઓ તેમજ ભારતીય સૈન્યના વીર શહીદ જવાનોને શ્રધ્ધાંજલિ અર્પણ કરવાના હેતુથી તા. ૧૬મી ઓગસ્ટ, રવિવારે સવારે ૮ થી ૧૨ દરમ્યાન ‘હેપ્પી રકતદાન શિબિર’નું આયોજન કરવામાં આવ્યું છે. આ રકતદાન શિબિર ગાંધીનગરના સેકટર-૭ડી ખાતે ચ-૩ સર્કલ નજીક આવેલા ડો.ઉર્વી – દિપક મહેતાની હોસ્પિટલે કોવિદ-૧૯ની ગાઈડલાઈન અનુસાર ફરજિયાત માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે યોજાશે તેમજ સ્થળ પર થર્મલ સ્કેનર અને સેનેટાઈઝરની સુવિધા ઉપલબ્ધ રહેશે.

### રક્તદાતાઓએ અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું હિતાવહ

**‘હેપ્પી રકતદાન શિબિર‘માં સામેલ થવા માટે રક્તદાતાઓએ અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું હિતાવહ છે જેથી સોશિયલ ડિસ્ટન્સિંગ સહિતના આયોજન માટે સરળતા રહે. રજીસ્ટ્રેશન કરાવવા માટે રક્તદાતાઓએ મોબાઈલ નં. ૯૪૨૬૫ ૦૪૫૬૫ અથવા ૯૯૨૫૨ ૩૪૯૯૦ પર સંપર્ક સાધવા સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.**

કોરોના મહામારીના કારણે રક્તદાન પ્રવૃતિમાં ઓટ આવવાથી બ્લડ બેંક ખાતે રક્ત પુરવઠામાં ખેંચ વર્તાઈ રહી છે. આ સ્થિતિમાં જેમને નિયમિત રક્ત ચઢાવવાની જરૂર છે તેવા કિડનીના રોગોના દર્દીઓ, થેલેસેમિયા મેજર દર્દીઓ ઉપરાંત જેમને આકસ્મિક અકસ્માત કે ગંભીર સર્જરી કરવાની હોય તેવા કારણસર લોહી ચઢાવવાની જરૂર પડે તેવા દર્દીઓને અણીના સમયે જરૂરી રક્ત પુરવઠો મળી રહે અને રક્ત પુરવઠાની ખેંચને કારણે કોઈ દર્દીને જીવ ના ગુમાવવો પડે તે હેતુસર આ હેપ્પી રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે યુવાનો-મહિલાઓમાં રકતદાન અંગે જાગૃતિ ફેલાય અને વધુને વધુ યુવાનો આ અનોખી સેવા પ્રવૃતિમાં તેમનું યોગદાન આપતા થાય તેવો શુભ હેતુ પણ છે. ‘હેપ્પી રકતદાન શિબિર’માં રકતદાન કરનાર તમામ રક્તદાતાઓને પ્રમાણપત્ર, રક્તદાતા કાર્ડ તેમજ શુભેચ્છા ભેટ આપી સન્માનિત કરવામાં આવશે. ‘હેપ્પી રકતદાન શિબિર’માં ગાંધીનગર ઉપરાંત આસપાસના વિસ્તારના રકતદાતાઓ ઉત્સાહપૂર્વક ભાગ લે તેવી આયોજક સંસ્થાઓ દ્વારા અપીલ કરવામાં આવી છે.